વડીલોને વંદન અભિનંદન

કુંજલતાબેન કે. શાહ
(૧૯૪૬) ફોન: ૨૩૨૨૬૨૯૪

મોડાસા માર્કેટ યાર્ડમાં ખેડૂતોનો હલ્લાબોલ

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા. ૮

છેલ્લા કેટલાય દિવસોથી જાણે અરવલ્લી જિલ્લાના ખેડૂતોની દશા બેઠી હોય તેવુ દેખાઈ રહ્યું છે. પહેલા કમોસમી માવઠાના કારણે કુદરતે થપાટ મારી અને હવે માર્કેટયાર્ડના વેપારીઓ થપાટ મારી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. સમગ્ર વર્ષ દરમ્યાન ખેડૂતો પોતાનો જીવ રેડીને મહામુલી પાક તૈયાર કરે છે અને જ્યારે પાક તૈયાર થઈ જાય ત્યારે વેપારીઓ પોતાને મનફાવે તેમ ભાવ કરીને ખેડૂતોને લુટવાનો પ્રયાસ કરી રહ્યા છે. થોડાક સમય પહેલા સરકાર દ્વારા ખેડૂતોને કપાસનો પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતો સરકાર સામે આંદોલને ચઢ્યા હતા ત્યારે હવે સરકાર દ્વારા સીસીઆઈ કેન્દ્રો પર, ઘઉંના ટેકાના ભાવ ૨૯૦ રૂ. નક્કી કરેલા છે છતાં પણ છેલ્લા કેટલાક દિવસોથી અરવલ્લી જિલ્લાના વડા મથક એવા મોડાસા માર્કેટયાર્ડ ખાતે ખેડૂતોને સીસીઆઈ કર્મચારીઓ સમયસર હાજર ન રહેતા વેપારીઓ પોતાને મનફાવે તેમ ઘઉંના ભાવ લગાવી ખેડૂતોને લૂંટવાનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે આજરોજ મોડાસા માર્કેટયાર્ડમાં વેપારીઓ દ્વારા સરકાર દ્વારા નક્કી કરેલા ટેકાના ભાવથી પણ નીચા ભાવે ખરીદી કરવાનું કહેતા ખેડૂતો વિફર્યા હતા અને હલ્લાબોલ કર્યો હતો જ્યારે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ સીસીઆઈ કેન્દ્રના કર્મચારીઓ પણ હાજર ન રહેતા આગામી સમયમાં ખેડૂતો માટુ આંદોલન કરે તેમાં નવાઈ નહી.

પાલનપુરમાં બ્રાન્ડેડ કપડાના વેપારીઓને ત્યાં વેટની ટીમના દરોડા

પાલનપુર, તા. ૮

પાલનપુર શહેરના સીટી લાઈટ બિજનેશ સેન્ટરમાં કેટલીક દુકાનોમાં વેટની ટીમે મોડી સાંજે દરોડા પાડ્યા હતા જેથી વેપારી આલમમાં ભારે ફફડાટ ફેલાયો હતો.

પાલનપુર સહિત જિલ્લાભરના નાના મોટા તમામ વેપારીઓ ગ્રાહકોએ ખરીદ કરેલ ચીજવસ્તુઓ પર પાકુ બીલ નથી આપતા તેવી અનેક ફરિયાદો થવા પામી હતી. આથી આજે સાંજે વિજાપુર વેટની ટીમે પાલનપુરમાં સ્થિત બિઝનેશ સેન્ટરની એક રેડિમેડ શો રૂમમાં દરોડો પાડ્યો હતો. અને વેપારી પાસે વેચાણ-ખરીદીના બિલોના રેકર્ડ માંગ્યા હતા. પરંતુ વેપારી પાસે કેટલાક રેકર્ડ ન

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હોવાનું પ્રકાશમાં આવ્યુ હતુ. આમ શહેરના વેપારીઆલમમાં ફફડાટ ફેલાયો હતો જ્યારે કેટલાક વેપારી દુકાનો શટર પાડી રફુચક્કર થઈ ગયા હતા.

ખેડબ્રહ્મામાંથી વિદેશી દારૂ ઝડપાયો

ખેડબ્રહ્મા શહેરમાંથી મંગળવાર સાંજે પરોયા ત્રણ રસ્તા પર છોટાહાથી ગાડી નં. જીજે૯-ઝેડ-૨૨૬૦માં નેનારામ બગલુરામ બિસ્નોઈ અને છોટુરામ બલ્લુભાઈ પારધી વગર પાસ પરમીટની ૧૨ નંગ વિદેશી દારૂની બોટલ લઈ આવતા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. આ સંદર્ભે ખેડબ્રહ્મા પી.એસ.આઈ. પી.સી. ચાવડાએ બન્ને પાસેથી રૂ. ૪૮૦૦નો દારૂ અને રૂ. ૪૦ હજારનો છોટા હાથી મળી કુલ રૂ. ૪૪,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યોહતો.

સાયલન્ટ કરવા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવા પ્રજાને પણ થોડી એલર્ટ રહેવાની જરૂર છે. સામાન્ય કહી શકાય પરંતુ જો તેમાં સતર્ક ન રાખો તો જીંદગીભરની મુડી ગુમાવી દેવાનો વારો આવે તેવી કેટલીક સતર્કતા દાખવવા જેવી બાબતોના મુદ્દાઓ દર્શાવતી પત્રીકાઓ ગાંધીનગર પોલીસેતૈયાર કરાવી છે. દરેક નગરજનોના ઘરે આ પેમ્ફલેટ્સ પહોંચાડવાની કામગીરી હાથ લેવાઈ છે. ગાંધીનગર ડીએસપી વિરેન્દ્રસિંગ યાદવે નગરજનોને સતર્ક અને સાવધાન રહી જરૂરી સહકાર આપવા અપીલ કરી છે.

ઊંઝા-ઉનાવામાં જુગારધામ પર ગાંધીનગર આર.આર. સેલનો દરોડો

૩ લાખના મુદ્દામાલ સાથે ૧૨ જુગારીયાઓની ધરપકડ

ઊંઝા, તા. ૮

ઊંઝા ખાતે સરદાર કોમ્પલેક્ષમાં આવેલ એક દુકાનમાં ચાલતા જુગારધામ પર ગાંધીનગર આર.આર. સેલે દરોડો પાડી સ્થળ પરથી આઠ શખ્સોને ઝડપી લઈ રોકડ રકમ મોબાઈલ ફોન અને જુગારના સાધનો મળી કુલ ૨,૭૯,૭૨૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કરતાં શહેરમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.

વિગત એવી છે કે ઊંઝા શહેરની મધ્યમાં આવેલ સરદાર કોમ્પલેક્ષમાં ભોંય તળિયે આવેલ એક દુકાનમાં ગંજીપાનાનો જુગાર રમાતો હોવાની મળેલ બાતમીના આધારે ગાંધીનગર આર.આર.સેલના અધિકારીએ સ્ટાફ સાથે સાંજના સમયે દરોડો પાડ્યો હતો. જેમાં ગંજીપાના વડે જુગાર રમતા રમાડતા આઠ શખ્સો ઝડપાઈ ગયા હતા. પકડાયેલા શખ્સોની પોલીસે અંગ જડતી કરતાં રૂપિયા ૨,૦૮,૬૭૦ની રોકડ રકમ ૭૧૦૦૦ની કિંમતના દસ મોબાઈલ ફોન, જુગારના સાધનો વગેરે મળી કુલ ૨,૭૯,૭૨૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સરદાર કોમ્પલેક્ષની દુકાન નં. સી-૬૧માં જુગાર અંગે દરોડો પડતાં શહેરમાં ભારે સનસનાટી ફેલાઈ હતી.

પકડાયેલા આઠ જુગારીઓમાં (૧) પિનલ જયંતિભાઈ પટેલ રહે. વરવાડા, (૨) પિયુષ પ્રહલાદભાઈ પટેલ રહે. ઉનાવા, (૩) બિપિન કિર્તિભાઈ રહે. ઊંઝા, (૪) કીર્તિભાઈ સીવરામ ઊંઝા, (૫) ભાવેશ ઉત્તમભાઈ પટેલ ઉનાવા, (૬) સાગર કીર્તિભાઈ પટેલ ઉંઝા, (૭) ભરત નારાયણભાઈ પટેલ ઊંઝા, (૮) મહેશ જગજીવન ભાવસાર ઉનાવાનો સમાવેશ થાય છે.

જ્યારે ગાંધીનગર આર.આર. સેલને મળેલ બાતમીના આધારે પોલીસે ઊંઝા નજીકના ઉનાવા ખાતે આનંદપરા પાસેના એક ખેતરમાં વરલી મટકાના ચાલતા જુગારના અડ્ડા પર દરોડો પાડી સ્થળ પરથી ચૌધરી રમેશ હિરાભાઈ ઉનાવા, પટેલ બાબુ લખુભાઈ ઐઠોર, સુથાર જીતુ રવિશંકર સિંહી અને ઠાકોર સુરેશ અમરતજી સુરપુરા વાળાને પકડી પાડી ૧૫૬૮૦ની રોકડ રકમ, મોબાઈલ, વરલી મટકાનું સાહિત્ય મળી કુલ ૧૭૧૮૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઉપરોક્ત બંને કિસ્સાઓમાં આર.આર. સેલે ઊંઝા પોલીસ મથકે ફરિયાદો નોંધાવતા ઊંઝા પોલીસે જુગારદારા હેઠળ ગુનાઓ નોંધી વધુ તપાસ આરંભી છે.

સુરક્ષા કરતાં જવાનોને નર્મદા પાણી ઉપલબ્ધ

બનાસકાંઠા જિલ્લાની સીમાડે આવેલ બોર્ડરની સુરક્ષા કરતાં જવાનોને શુદ્ધ અને નિયમિત પાણી મળી રહે તે માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા રુ. ૧૧૦ કરોડના ખર્ચે દાંતીવાડા ડેમ આધારીત પાણી પુરવઠા યોજના તૈયાર કરવામાં આવી છે. આ પાઈપ લાઈનનું લોકાર્પણ તા. ૧૦મી એપ્રિલના રોજ દાંતિવાડા ખાતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે થનાર છે.આ માટે સુઈગામે બી.એસ.એફ કેમ્પમાં આવતાં પાણીના જથ્થામાં વધારો કરવા સુઈગામ હેડ વર્કસ ઉપર બેણપ હેડવર્કસથી સુઈગામ હેડવર્કસ સુધી ૨૫૦ એમએમ પાણીની પાઈપ લાઈન પણ નાખવામાં આવી છે.

એક વર્ષ કરતા વધુ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માપણીનું કામ સંપન્ન થઈ ગયુ છે અને હવે રેકર્ડ સાથે તેનું મેળાવીકરણ કરવામાં સારો એવો સમય પસાર થઈ રહ્યો છે. એક વર્ષ કરતાં પણ વધુ સમય પહેલાં જમીન માપણીની કામગીરી સંપન્ન થઈ ગયેલ છે.

મળતી વિગતો પ્રમાણે છ ગામોમાં સુનાવણીની કામગીરી મામલતદાર કક્ષાએ પડતર છે. જ્યારે ૧૨ ગામોની દરખાસ્ત તૈયાર કરવાની કામગીરી તેના અંતિમ તબક્કામાં છે. ગાંધીનગર જિલ્લામાં જમીન રિસર્વે માટેનો પ્રોજેક્ટ હાથ ધરાયા પછી તેની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે. ગાંધીનગર જિલ્લામાં ૨૮૦ જેટલા મહેસુલી ગામો છે. જિલ્લામાં તંત્રના કર્મચારીઓની ઘટ તેમજ આ જિલ્લાના ત્રણ તાલુકાઓ અન્ય જિલ્લામાંથી ભેળવવામાં આવ્યા હોવાથી રેકર્ડની ઉપલબ્ધિ અને તેના આખરીકરણને લઈ પણ ઘણા પ્રશ્નો છે.

બે તાલુકા મહેસાણા જિલ્લામાંથી તથા એક તાલુકો અમદાવાદ જિલ્લામાંથી ગાંધીનગર જિલ્લામાં ભેળવવામાં આવેલ છે જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર જિલ્લામાં ધીમી ગતિએ કામગીરી ચાલી રહી છે કારણ કે અહિ કર્મચારીઓ ઓફિસ કામગીરી ઉપરાંત સરકારી કાર્યક્રમોમાં પણ વધુ વ્યસ્ત રહે છે તેમજ કર્મચારીઓની ઘટ જે છે તેની સીધી અસર કામગીરી પર પડી રહી છે. રાજ્ય સરકારે એક તબક્કે કર્મચારીઓની ઘટ તેમજ વહીવટને વધુ લોકાભિમુખ બનાવવા માટે સૂચનો માંગ્યા હતા પરંતુ તે બધી જ વાતો ફાઈલોમાં અટવાયેલી પડેલી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

મહાદેવગ્રામ (બાકરોલ) ખાતે મફત નેત્રનિદાન કાર્યક્રમ યોજાયો

મોડાસા તાલુદા મહાદેવગ્રામ (બાકરોલ) ખાતે રવિવારના રોજ સમસ્ત ભલાવત પરિવાર તેમજ સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી મહાદેવગ્રામ પ્રાથમિક શાળામાં મફત નેત્રનિદાન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આજુબાજુના ૨૮ ગામોમાં ૬૨૬ આંખના દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૮ દર્દીઓને મોતિયા તેમજ વેલના ઓપરેશન માટે ચકાસણી થઈ તેમજ ૩૦૨ દર્દીઓને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોતિયા દર્દીઓને ઓપરેશન માટે નવલભાઈ અને હીરાબા આંખની હોસ્પિટલ, બારેજા ખાતે લઈ જવામાં આવ્યા હતા. દર વર્ષે મફત નેત્રનિદાન કાર્યક્રમ યોજાતા સમસ્ત ભલાવત પરિવાર તેમજ સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટનો ગ્રામજનો તેમજ આજુબાજુની જનતાએ આભાર માન્યો હતો.

માલપુરમાં ધારાસભ્યના હસ્તે ઠંડા પાણીની પરબનું લોકાર્પણ

મોડાસા, તા. ૮

જાયન્ટ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન સંસ્થા દેશ-વિદેશમાં સેવાકીય કાર્યો માટે અગ્રેસર અને ખૂબ જ જાણીતી સંસથા છે. જેમાં જાયન્ટ્સ ગ્રૂપ ઓફ. માલપુર છેલ્લા કેટલાક વર્ષોથી રક્તદાન, નેત્રદાન, નેત્રયજ્ઞ, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, પુસ્તકમેળા, ગરીબોમાં કપડાનું વિતરણ અને ઉનાળાની ગરમીમાં પક્ષીઓ પાણી સહેલાઈથી મળી રહે તે માટે પાણીના કુંડાનું વિતરણ કરવા જેવી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે.

જાયન્ટ્સ ગ્રૂપ ઑફ માલપુર અને માલપુર ગ્રામ પંચાયતના સહયારા પ્રયાસોથી માલપુર બસ સ્ટેન્ડ વિસ્તારમાં પીવાના પીણીની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં કામકાજ અર્થેઅને ખરીદી કરવા આવતા પ્રજાજનો હેરાન થતા હતા ત્યારે માલપુર બસસ્ટેન્ડની નજીક માલપુર ચાર રસ્તા પર આધુનિક ઠંડા પાણીની પરબનું ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી નિર્માણ કરવામાં આવ્યું હતું. આ ઠંડા પાણીની પરબનું લોકાર્પણ મેઘરજ-માલપુર ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, જાયન્ટસ ગ્રૂપ ઓફ ફેડરેશન શ્રી ઉપપ્રમુખ નિલેશ જોષી, માલપુર ગ્રામ પંચાયતના સરપંચ આશાબેન એચ. મહેતાના વરદ હસ્તે લોકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું. જેમાં જાયન્ટસ ફેડરેશનના શ્રીસી ડાયેરેક્ટર સુરેન્દ્રસિંહ રાઠોડ, રમેશભાઈ ટી. સોની (પ્રમુખ) હલજી વણઝારા, વિઠ્ઠલભાઈ પટેલ, અનિરૂદ્ધસિંહ, કનુભાઈ, નિરંજન પંડ્યા, કનુભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ વગેરે જાયન્ટસ ગ્રુપ ઓફ માલપુરના સભ્યોએ ઠંડા પાણીની પરબ બનાવવા અને લોકાર્પણના કાર્યક્રમમાં ભારે જહેમત ઉઠાવી હતી.

શબ્દાવલી - ૫૬૯૫



આડી ચાવી

૧. વહેંચવું, ... કરવું (૪)
૩. પોચુ, પોચકું, ઢીલું (૩)
૫. પર્વતમાં બનાવાતું બોગદું, ગુફા
૬. હાજર, સજીવ હોવું તે (૩)
૮. જે ક્ષેત્રમાં લડાઇ થઇ, ભારતની સીમારેખે (૪)
૧૦. આવરણ હટાવવાની વિધિ (૫)
૧૨. ઢગલો, ટેકરો કરવો તે (૩)
૧૩. પ્રયોજન (૨)
૧૪. ચકલાને દ્યણા નાખે તે (૨)
૧૫. પીશાચી, ક્રૂર (૩)
૧૮. અસવારી (૩)
૧૯. છ ખૂણાવાળી આકૃતિ (૪)

ઊભી ચાવી

૧. લગ્ન, મેરેજ (૩)
૨. સહિતનું વિરોધી (૩)
૩. ભેંકડો, જોરથી રડવું, ... મુકવી (૨)
૪. ચંચળ, અસ્થિર (૨)
૫. ઘડતર, નિયમનું માળખુ બાંધવું તે (૪)
૭. પીડા (૩)
૮. બંદૂકમાં ભરવાની ગોળીઓનો હારડો (૪)
૯. રીત, સ્ટાઇલ (૩)
૧૦. અજવાળુ (૪)
૧૧. વેપારી (૪)
૧૬. ઝેર (૨)
૧૭. બોલ, શબ્દ (૨)

શબ્દાવલી ૫૬૯૪ના જવાબ

આડી ચાવી :- (૧) ધરપત (૩) સુરજ (૬) જાસો (૭) સંવેદના (૮) યશસ્વી (૧૦) બાણ (૧૧) કાવાદાવા (૧૫) પારદર્શક (૧૬) વલણ (૧૭) વિનિયોગ (૧૯) વાક (૨૦) પદ (૨૧) મશ

ઊભી ચાવી :- (૧) ધજા (૨) રસોયણ (૩) સુવે (૪) રદ (૫) જનાજો (૯) સ્વીકાર (૧૦) બાણાવળી (૧૨) વાદવિવાદ (૧૩) દાર્શનિક (૧૪) વાકયો (૧૫) પાણકો (૧૮) ગણેશ

દેશનું પ્રથમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએફસીના ધારા-ધોરણોની જાહેરાત કરશે. દેશને નવો માર્ગ ચિંધનારા આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

ભારત સરકારના નાણા મંત્રાલયના સચિવ (ફાયનાન્સિયલ સર્વિસિઝ) ડો. હસમુખ અઢિયા અને કેન્દ્રિય વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના સચિવ શ્રી રાજીવ ખેર આ કોન્ફરન્સને સંબોધન કરશે. આ દરમિયાન રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ), સિક્યુરિટિઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) તેમજ ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઈરડા)ના વરિષ્ઠ અધિકારીઓ ભારતમાં આઈએફએસસી ખાતે કામગીરી શરૂ કરવા ઈચ્છુક વિદેશી અને સ્થાનિક નાણાકીય સંસ્થાઓ માટે નવા નિયમકીય ધોરણોની જાહેરાત કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી, ૨૦૧૫ની બજેટ સ્પીચમાં કેન્દ્રિય નાણા મંત્રીશ્રીએ ગિફ્ટ સિટિ ખાતે દેશના સૌ-થમ આઈએફએસસી શરૂ કરવાનો ઉલ્લેખ કર્યો હતો. ભારતનું પોતાનું આઈએફએસસી હોવું અત્યંત આવશ્યક છે, જેથી લંડન, ન્યુયોર્ક, દુબઈ, સિંગાપોર અને હોંગકોંગ જેવા ગ્લોબલ ફાયનાન્સિયલ હબમાં નાણાકીય સેવાઓના કારોબારમાં જઈ રહેલાં દેશના અબજો ડોલરની બચાવી શકાશે.

હોમિયોપેથીનું વધતું ચલણ... ● બીજા પાનાનું ચાલુ

જ નહિ પરંતુ શરીરના જીવંત તંદુરસ્ત કોષોને તેમજ શરીરને ઉપયોગી એવા જીવાણુઓને નુકસાન પહોંચાડ્યા વગર દર્દીને સાજો કરે છે. નાની, સ્વાદમાં મીઠી સફેદ રંગની ગોળીઓ દેખાવમાં એકસરખી હોય છે પરંતુ તેમાં ૧૨૦૦થી વધુ પ્રકારની દવાઓની વિવિધતા હોય છે. મોટે ભાગે આ દવા પ્રવાહી સ્વરૂપમાં હોય છે પરંતુ તેને ગોળીઓના માધ્યમ થકી લેવામાં આવે છે જે દૂધમાંથી મળતી શર્કરા (ખાંડ)માંથી બનાવવામાં આવે છે. આ ગોળીઓ દર્દીએ કેટલી લીધી તે અગત્યનું નથી પરંતુ કેટલીવાર લીધી તેનું મહત્ત્વ હોય છે. ગોળીઓ લેવામાં પણ સરળ હોય છે જેને મોમાં જીભની નીચે મૂકી ચૂસવાની હોય છે. સ્વાદે ગળી હોવાથી બાળકોને આ ગોળીઓ અતિપ્રિય છે વળી સારવાર દરમિયાન કાંઇ ભારે પરેજી કે આહાર-વિહારનું બંધન હોતું નથી.

ડૉ. બી. આર. જાનીના જણાવ્યા મુજબ અચાનક ઉદ્‌ભવેલી નાની બિમારીઓ જેમકે ઝાડા, ઉલટી, તાવ, શરદી, ખાંસી તથા શરૂઆતના તબક્કાની મોટી બિમારી બંનેમાં હોમિયોપેથી ઝડપી અને સુંદર પરિણામ આપે છે. દર્દી ચાહે સ્ત્રી હોય કે પુરુષ, બાળક હોય, જુવાન હોય કે વૃદ્ધ દવા તેનું કામ બરાબર રીતે કરે છે. લાંબા સમયની, જૂની કે મોટી બિમારીઓ જેવી કે ટીબી, ન્યુમોનિયા, દમ, સંધિવા, ડાયાબિટીસ, ચામડીના રોગો વગેરેના ઇલાજમાં વ્યક્તિગત બંધારણ, ઉંમર, અનુવાંશિતા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈને ઉપચાર ક્રમ ગોઠવવામાં આવે છે. ડૉ. જાનીના મતે હોમિયોપેથી રોગને દબાવી દેવામાં કે કામચલાઉ રીતે રાહત આપવામા માનતી નથી પરંતુ રોગનું કારણ શોધી દર્દીને કાયમી રીતે સાજો કરવામાં માને છે.

મેરેથોન બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવા માટે પણ તાકિદ આ બેઠકમાં કરાશે. પ્રવેશોત્સવમાં શાળા છોડી ગયેલા બાળકોને પુનઃ શાળામાં લઈ આવવા માટે ખુટતી કડીઓ જોડવા માટે પણ આ બેઠકમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

ખાસ કરીને માધ્યમિક શિક્ષણમાં ડ્રોપ આઉટ રેસિયો જે સરેરાશ ૧૫ ટકાની આસપાસ દરેક જિલ્લામાં છે તેને લઈ આ બેઠકમાં ગંભીર દિશા સૂચનના સંકેતો સરકાર આપશે તેમ જાણવા મળેલ છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના અમલીકરણ સહિત ઘણા બધા પ્રશ્નો અંગે આ બેઠકમાં ચર્ચાઓ થશે. શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી, ફાજલ શિક્ષકોના પ્રશ્નો પણ આ બેઠકની ચર્ચામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

સતર્ક રહો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪ અજાણ્યા સ્ત્રી/પુરૂષ તમારા ઘરે આવી તેઓ સેલ્સમેન, કુરીયર સર્વીસ, સોના-ચાંદીના દાગીના ચમકાવવા વાળા કે કોઈ અજાણી વ્યક્તિ પુરી ઓળખ કે ખાત્રી કર્યા વગર દરવાજો ખોલવો નહિ કે પ્રવેશ આપવો નહી. અજાણી વ્યક્તિને વાહનમાં લિફ્ટ આપવી નહિ કે અજાણી વ્યક્તિની લિફ્ટ લેવી નહિ.

૫ દર્શન કરવા, શાકભાજી લેવા, દૂધ લેવા, કોઈ પણ ખરીદી કરવા કે મોર્નિંગ વોક માટે બહાર જવાનું થાય, બાઈક પર બેસીને જવાનું થાય ત્યારે ગળામાં પહેરેલ દાગીના ફરતી સાડી, દુપટ્ટો અવશ્ય વિંટાળવો જેથી રોડ ઉપર તમારા ગળામાંથી તે તુટવાના બનાવથી બચી શકાય.

૬ રોડ પરથી ચાલતી વખતે તમને કોઈ વ્યક્તિઓ પોતાની પોલીસ તરીકેની ઓળખ આપી તમોને જણાવે કે આગળ ખૂન થયેલ છે, તોફાન થયેલ છે, અકસ્માત થયેલ છે, મકાન પડી ગયેલ છે કે અન્ય કોઈ કારણ બતાવી તમોને જણાવે કે તમારા દાગીના બંગડી કાઢી નાખો અને ખિસ્સામાં રાખી દો તો ચોક્કસ તમે ચેતી જજો કારણ કે પોલીસ દ્વારા કોઈ પણ દિવસ દાગીનાઓ કાઢી નાખવાની આવી કોઈ સુચનાઓ આપવામાં આવતી નથી.

૭ ઘરે અજાણ્યા બાવા, સાધુ આવી તમોને અંધ શ્રદ્ધામાં નાખવા પ્રયત્ન કરે તો તાત્કાલિક તેમને રવાના કરી દેવા વાતચીત કરવી નહિં પોલીસને જાણ કરવી. વોચમેનને બોલાવવો.

૮ તમારા વાહનો નિયત કરેલ પાર્કિંગ વ્યવસ્થામાં જ પાર્ક કરો તેમજ લોકની ચકાસણી કરો, સી.સી.ટી.વી. કેમેરા લાગેલા હોય ત્યં વાહન પાર્ક કરવાનો આગ્રહ રાખો.

૯ તમારા ટુ વ્હિલરમાં કે તમારી ફોર વ્હિલર ગાડીમાં થોડા સમય માટે પણ લેપટોપ બેગ, રૂપિયાની બેગ, જરૂરી જસ્તાવેજી કાગળોની બેગ રેઢી ન રાખો. તમો ગાડી બહાર જાવ તો બેગ સાથે લઈ લો અને મજબુતાઈથી પકડીને ચાલો બેગ સાથે લઈ જઈ શકાય તેમ ન હોય તો ડેકીમાં રાખીને જાવ. માત્ર બે મિનિટ માટે પણ બેગ ગાડીમાં રાખશો તો તમારી ગાડીનો કાચ તોડી બેગ ચોરાવાની શક્યતા છે.

૧૦ રીક્ષા, બસમાં મુસાફરી કરતી વખતે તમારૂ પર્સ, મોબાઈલ મુજબ સાચવીને રાખો. રીક્ષામાં તમારી બેગ, પર્સ વ્યવસ્થિત બન્ને હાથે પકડીને રાખો. રીક્ષામાં બેસતાં પહેલા રીક્ષાનો નંબર તથા ડ્રાઈવર સીટ પાછળ લખેલ ડ્રાઈવરનું નામ-સરનામું યાદ રાખી લો. ખાસ કરીને શટલ રીક્ષામાં પેસેન્જરો ધક્કા મુક્કી કરે કે જીભાજોડી કરે કે તમોને એવું જણાવે કે, અમારે હવે ત્યાં નથી જવુ. તમે અહી ઉતરી જાવ તો સાવધાન બની જાવ કારણ કે અહીં તમારા પર્સ, મોબાઈલ કે રોકડ ચોરાવાની શક્યતા છે.

૧૧ તમો તથા બાળકોને પણ સમજ આપો કે, અજાણી વ્યક્તિ, સાધુ, બાવા, ફકીર દ્વારા આપેલ પ્રવાહી, પ્રસાદ ક્યારે પણ ખાવા પીવા નહી. તેમાં કોઈ કેમીકલ મેળવેલ હશે. જે તમોને બેભાન બનાવી દેશે અને તમો લુંટાઈ જશો.

૧૨ ટુ વ્હીલર કે ફોર વ્હીલર ઉપર તમો બેંક, આંગડીયા, લોકરમાંથી નાણા, ઘરેણા લઈને નિકળો ત્યારે ટુ વ્હીલરો કે ફોર વ્હીલર વાળો કોઈ વ્યક્તિ કે મોઢે રૂમાલ બાંધેલ, હેલ્મેટ ધારી વ્યક્તિ તમારો પીછો કરતો હોવાનું જણાય તો તાત્કાલિક ભીડ વાળી જગ્યાએ ઉભા રહી તમારો પીછો કરનાર વાહનનો નંબર નોંધી પોલીસને જાણ કરો. આવા સમયે સુમસામ કે ટુંકા રસ્તાનો ઉપયોગ કરશો નહિ.

૧૩ અજાણી વ્યક્તિને તમારો મોબાઈલ કોલ કરવા માટે કદી ન આપો.

૧૪ અજાણ્યા માણસો મોંઘી વસ્તુઓ રસ્તામાં આપે તો ન ખરીદો કે એકના ડબલ જેવી લોભામણી જાહેરાત, લોટરી લાગેલ છે તેવા એસએમએસ કે મેઈલથી છેતરાશો નહિ.

૧૫ રાત્રે, દિવસે હાઈવે ઉપર જતી વખતે ચોર, લુંટારા દ્વારા તમારા વાહનની વ્હીલ ડીસ્કમાં પથ્થર મારવાથી મોટો અવાજ આવે કે રોડ ઉપર લખોટીઓ નાખવાથી તમારૂ સ્ટેયરીંગ ઈમ્બેલેન્સ થાય કે તમારા ગાડીના કાચ ઉપર ઈંડા જેવો પદાર્થ નાખવાથી ઓછુ દેખાય તો તમો વાન તે જગ્યાએ નહી થોભાવતા એકાદ કિ.મી. દૂર અથવા કોઈ હોટલુ પર જઈને ઉભા રહી વાહન ચેક કરવુ જેથી ચોરીથી બચી શકાય.

૧૬ સોસાયટીમાં ૨૪ કલાક વોચમેન રાખો. સોસાયટીમાં સી.સી.ટી.વી. કેમેરા અવશ્ય લગાવો.